## રાજ્ય સરકાર પુરસ્કૃત યોજનાઓ:

- ❖ **સીધા ધિરાણ  યોજના:**
- ❖ રાજ્ય સરકાર દ્વારા સફાઇ કામદાર અને તેમના આશ્રિતોને આવક ઉપાર્જન અર્થે સ્વરોજગારી માટે વિવિધ યોજનાઓ હેઠળ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમને લોન આપવામાં આવે  છે.
- ❖ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીની સ્ટેટ ચેનેલાઇઝીંગ એજન્સી (SCA) તરીકે કાર્યરત છે.
- ❖ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા મહિલા સ્મૃધ્ધિ યોજના, માઇક્રો ક્રેડિટ ફાઇનાન્સ યોજના, મહિલા  અધિકારીતા યોજના,વ્યક્તિગત લોન યોજના અને જનરલ ટર્મ લોન (ધંધા/વ્યવસાય/વાહન) વગેરે હેઠળ જુદા જુદા ધંધા અને વ્યવસાયો જેવા કે, વાંસકામ, પશુપાલન, ઝેરોક્ષ, મંડપ ડેકોરેશન, સાઇકલ સ્ટોર, વિડીયોગ્રાફી, ફોટોગ્રાફી, રેડીમેઇડ કાપડની દુકાન, વાસણની દુકાન,કોમ્પ્યુટર,જીપ-ટેક્ષી, ટ્રેક્ટર વીથ ટ્રોલી, ઓટો રીક્ષા(પેટ્રોલ,ડિઝલ અને સી.એન.જી.), મ્યુઝિક બેન્ડ, ઇલેક્ટ્રીક રીપેરીંગની દુકાન,દરજીકામની દુકાન, ફેબ્રીકેશન યુનિટ, ઓટોમોબાઇલ રીપેરીંગ,ભંગાર, વેક્યુમ લોડર અને અન્ય નાના ઉધોગો માટે સફાઇ કામદારો અને તેમના આશ્રિતોને પુન:સ્થાપન માટે વ્યક્તિગત રૂા. ૧,૦૦,૦૦૦/- થી રૂા. ૧૫,૦૦,૦૦૦/- સુધીની લોન/ ધિરાણ ૪ થી ૬ ટકાના વ્યાજદરે આપવામાં આવે છે.

❖ **રાજ્ય સરકારની સીધા ધિરાણની યોજનાઓ :**

| ક્રમ | યોજનાનુ નામ | | લોનની રકમ અને વ્યાજદર |
|---|---|---|---|
| ૧ | મહિલા સમૃધ્ધિ યોજના | : | રૂા. ૧,૦૦,૦૦૦/- લોન, વ્યાજ દર ૪%, |
| ૨ | માઇક્રો ક્રેડીટ ફાઇનાન્સ યોજના | : | રૂા. ૧,૦૦,૦૦૦/- લોન, વ્યાજ દર ૫%, |
| 3 | મહિલા અધિકારીતા યોજના | : | રૂા. ૨,૦૦,૦૦૦/- લોન, વ્યાજ દર ૫% |
| ૪. | વ્યક્તિગત લોન યોજના | : | રૂા. ૨,૦૦,૦૦૦/- લોન, વ્યાજ દર ૬% |
| ૪ | ટર્મ લોન યોજના (ધંધા/વ્યવસાય/વાહન) | : | રૂા. ૨,૦૦,૦૦૦/- થી રૂા. ૧૫,૦૦,૦૦૦/- સુધી લોન, વ્યાજ દર ૬% |
| ૧ | શૈક્ષણિક લોન યોજના (ભારત સરકાર સહાયિત) | | ભારતમાં અભ્યાસ માટે રૂા. ૧૦.૦૦ લાખ વ્યાજ દર વિધાર્થીઓ માટે ૬% અને વિધાર્થીનીઓ માટે ૫.૫% અને વિદેશમાં અભ્યાસ માટે રૂા. ૨૦.૦૦ લાખ લોન, વ્યાજ દર વિધાર્થીઓ માટે ૭% અને વિધાર્થીનીઓ માટે ૬.૫% |